173

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે "ઉન્નત વર્ગ"(ક્રીમીલેયર)માં સમાવેશ થતો નથી તેવું પ્રમાણપત્ર આપવા બાબત.

આવકના માપદંડમાં સુધારો કરવા બાબત.......

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ–૧૧૯૮–મં.૨૩૮–અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯–૧૨–૨૦૦૧.

વંચાણે લીધાઃ

(૧) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ અને પેન્શન મંત્રાલયના તા. ૮–૯–૯૩ ના ઓફીસ મેમોરેન્ડમ નંબરઃ ૫૩૬૦૧૨–૨૨–૯૩– ઈએસટી (એસસીટી)
(૨) સમાજ કલ્યા વિભાગનો તા.૧–૧૧–૯૫નો ઠરાવ ક્રમાંકઃ સશપ–૧૧૯૪–ખા.૧૦૯ –અ.
(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૬–૨–૯૬નો ઠરાવ ક્રમાંકઃ સશપ–૧૪૯૪–૯૫૯–અ.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨–૧૧–૯૭નો ઠરાવ ક્રમાંકઃ સશપ–૧૪૯૬–૯૪૪–અ.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮–૭–૯૮નો પરિપત્ર ક્રમાંકઃ સશપ–૧૪૯૭–૧૭૪૫–અ
(૬) સા.ન્યા.અને અધિ.વિ.નો તા.૮–૬–૯૯નો પરિપત્ર ક્રમાંકઃ સશપ–૧૪૯૯–મં.૧૫–અ.

**પ્રસ્તાવના**

આમુખમાં દર્શાવેલ ભારત સરકાર અને રાજ્ય સરકારના વિવિધ હુકમોથી રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ તથા સરકારી નોકરીઓમાં ૨૭ ટકા અનામતનું ધોરણ રાખવામાં આવેલ છે. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારની નીતિને અનુરુપ રાજ્ય સરકારે પણ ઉપર ઉલ્લેખાયેલ તા.૧–૧૧–૯૫ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીના "ઉન્નત વર્ગો" (ક્રીમીલેયર)ને અનામતના લાભોથી બાકાત રાખવાના માપદંડો જાહેર કરેલા છે. તા.૧–૧૧–૯૫ના ઉપર દર્શાવેલ ઠરાવના પરિશિષ્ટમાં દર્શાવેલ આ માપદંડો પૈકી કક્ષા– ૬(ક) માં આવક/ સંપત્તિના જે માપદંડો દર્શાવ્યા છે તે મુજબ જે વ્યકિતની સતત છેલ્લા ૩ વર્ષની નાણાકીય વર્ષની વાર્ષિક આવક વર્ષ દીઠ રૂા.૧ લાખથી વધી જતી હોય તેવા કિસ્સાઓનો સમાવેશ ઉન્નત વર્ગોમાં થાય છે. સને ૧૯૯૫ થી નિયત કરાયેલ આ જોગવાઈઓ હેઠળની રુ.૧ લાખની આ આવક–મર્યાદામાં સુધારો/ સમીક્ષા કરવા બાબતે અવારનવાર પ્રજાજનો/ જ્ઞાતિ મંડળો/ ધારાસભ્યશ્રીઓ/ સંસદ સભ્યશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆતો થતી રહી છે. ભારત સરકારની મૂળ નીતિને અનુરુપ આ આવક–મર્યાદામાં રુપિયાના મૂલ્યમાં થતાં ફેરફારને ધ્યાને લઈને તથા યથાપ્રસંગે પરિસ્થિતિને અનુરુપ દર ત્રણ વર્ષે આવકના આ માપદંડમાં સુધારો કરી શકાય તેવી જોગવાઈ પણ છે. આ સંજોગોમાં ગુજરાત

રાજયમાં **"ઉન્નત વર્ગો"** માટેની હાલની રૂા. ૧ લાખની આવક–મર્યાદાના માપદંડમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ**

આથી ઉપર દર્શાવેલ સંજોગોમાં ગુજરાત સરકાર પુખ્ત વિચારણાને અંતેસામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં "ઉન્નત વર્ગો" માટે તા.૧–૧૧–૯૫ના ઉપર્યુક્ત ઠરાવના પરિશિષ્ટની કક્ષા–૬(ક)માં દર્શાવેલ હાલની રૂા.૧ લાખની આવક–મર્યાદાના માપદંડમાં વધારો કરીને આ આવક–મયાદા રૂા.૨ લાખની કરવાનું ઠરાવે છે.

૨. આ હુકમોનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે. આ સંદર્ભમાં નીચે મુજબવિશેષ સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

(૧) રૂા.૨ લાખની સુધારેલ આ આવક–મર્યાદાનું ધોરણ માત્ર રાજય સરકારે નકકી કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે માત્ર રાજય સરકારમાં સરકારની નોકરીઓમાં તથ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પૂરતું મર્યાદિત રહેશે. આ અંગે ઉપર ઉલ્લેખાયેલ તા.૬–૨–૯૬ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ ભારત સરકારે પ્રમાણપત્રો આપવા માટે જાહેર કરેલ સક્ષમ અધિકારીઓએ આ સાથે સામેલ પરિશિષ્ટ–ક મુજબ નિયત કરાયેલ નમૂનામાં આ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) ઉન્નત વર્ગ અંગેના માપદંડો અને તે સંદર્ભમાં કરાયેલ અન્ય સ્પષ્ટતાઓ અને હુકમો યથાવત રીતે અમલમાં રહેશે.

(૩) ભારત સરકાર ધ્વારા જાહેર કરાયેલ રાજ્ય સરકારના **અન્ય પછાત વર્ગો માટે પ્રસ્તુત રૂા.૨ લાખની સુધારેલી આવક–મર્યાદા લાગુ પડશે નહીં.** પરંતુ આ માટે ભારત સરકારે યથાપ્રસંગે જાહેર કરેલ ઉન્નત વર્ગ માટેનું આવકનું ધોરણ (હાલમાં રૂા.૧ લાખ) અમલમાં રહેશે અને ભારત સરકારની નોકરીઓ માટે રૂા.૧ લાખના ધોરણને અનુલક્ષીને જ ભારત સરકારે જાહેર કરેલ સક્ષમ અધિકારીઓએ **"ઉન્નત વર્ગ"**નું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ સંદર્ભમાં ભારત સરકારના હુકમોનો અમલ કરવાનો રહેશે.

૩. આ હુકમોને અનુલક્ષીને રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને **"ઉન્નત વર્ગ"** પ્રમાણપત્ર આપવા સંબંધમાં અધિકૃત કરાયેલ સક્ષમ અધિકારીઓએ આ સુધારો ધ્યાનમાં લેવો અને પ્રમાણપત્ર મેળવવા માટે નિયત નમૂનામાં અરજીપત્રકોમાં રજૂ થયેલ વિગતોને આધારે નિયમોનુસાર જરુરી ચકાસણી બાદ આ સુધારા મુજબ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી કરવી. સંબંધકર્તા જિલ્લા

કલેક્ટરશ્રીઓએ, તેમની હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આ સુધારાનો અમલ થાય અને તે મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને "ઉન્નત વર્ગ"નું પ્રમાણપત્ર મળી રહે તે જોવું. નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ હુકમોનો યોગ્ય રીતે અમલ થાય તે જોવા માટે જિલ્લા અધિકારીઓને જરુરી સૂચના અને માર્ગદર્શન પૂરું પાડવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ.પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
–રાજ્યપાલશ્રીના સચિવશ્રી
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
તમામ મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી / માનનીય વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી
અગ્ર સચિવશ્રી મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.– જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના તમામ વિભાગો
અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર
–રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
–સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
–સચિવશ્રી, તકેદારી આયોગ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ અધિકારીઓ/ ખાતાના વડાઓ/ બોર્ડો/ નિગમો.
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતીસહ)
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ ખાતાના વડાઓ
તમામ નાયબ નિયામકશ્રી(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)
સા.ન્યા.અને અધિ.વિ.ની તમામ શાખાઓ
પસંદગી ફાઈલ

---

–પત્ર ધ્વારા

276

<u>પરિશિષ્ટ–ક</u>

રાજ્ય સરકારની નોકરીઓ/ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને રજૂ કરવાના "ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવાના" પ્રમાણપત્રનો નમૂનો.

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે..........................................જીલ્લાના ......................તાલુકાના..................ગામના શ્રી/કુ....................... ......................ના પુત્ર/પુત્રી..........................................જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧–૪–૭૮ ના ઠરાવ નંબરઃ બકર /૧૦૭૯/૧૩૭૩૪/હ તેમજ ત્યાર બાદના વખતો. વખતના સુધારા/વધારાથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી.........................અને/અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના ......................................જીલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧–૧૧–૯૫ ના ઠરાવ નંબર સશપ /૧૧૯૪ /ખા. ૧૦૯/અ સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રમીલેયર) ની વ્યક્તિ/ જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ– સક્ષમ અધિકારીનીસહી.
(સીલ) હોદ્દોઃ

---

નોંધઃ–

(૧) "ઉન્નત વર્ગોમાં સમાવેશ થતો ન હોવા અંગે" ના પ્રમાણપત્ર આપવા આ વિભાગના તા.૨૧–૨–૧૯૯૪ ના ઠરાવ ક્રમાંકઃસશપ–૧૪૯૩–૧૯૩૦–અ થી નીચે જણાવેલ અધિકારીઓને અધિકૃત કરવામાં આવેલ છે.

૧. કલેકટરશ્રી / ૨. ડેપ્યુટી કમિશ્નરશ્રી / ૩. નાયબ કલેકટરશ્રી /૪.અધિક ડેપ્યુટી કમિશ્નરશ્રી
૫. પ્રથમ વર્ગના સ્ટાઈ મેજીસ્ટ્રેટ / ૬. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ /૭.તાલુકા મેજીસ્ટ્રેટ
૮.એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ /૯. વધારાના આસીસ્ટન્ટ કમિશ્નરશ્રી (પ્રથમ વર્ગના સ્ટાઈપેન્ડરી મેજીસ્ટ્રેટથી નીચેની કક્ષાના ન હોય તેવા )
૧૦. ચીફપ્રસીડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ.
૧૧. મામલતદારશ્રી (તહેસીલતદાર ) થી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસૂલી અધિકારી
૧૨. ઉમેદવારના નિવાસી વિસ્તારના સબડીવીઝનલ ઓફિસર.

(૨) ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દોનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ,એકટ–૧૯૫૦) ની કલમ–૨૦

(પી.એમ.પટેલ)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

અ